પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૫૫ | ૧૩ ઓગસ્ટ, ૨૦૨૩, રવિવાર; અધિક શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

## વિપક્ષી ગઠબંધન ઘમંડી, મણિપુર મુદ્દે રાજકારણ કરે છે : નરેન્દ્ર મોદી

**પ. બંગાળમાં પ્રાદેશિક પંચાયતી રાજ પરિષદને સંબોધન : અમે સંસદમાં અવિશ્વાસ પ્રસ્તાવને હરાવ્યો, દેશભરમાં નકારાત્મકતા ફેલાવનારાઓને જડબાતોડ જવાબ આપ્યો**

નવી દિલ્હી, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળમાં પ્રાદેશિક પંચાયતી રાજ પરિષદને સંબોધિત કરતા વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે વિપક્ષ પર ઘમંડી ગઠબંધન ગણાવતા મણિપુર પર માત્ર રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો હતો. વડાપ્રધાને કહ્યું, અમે સંસદમાં વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવને હરાવ્યો અને દેશભરમાં નકારાત્મકતા ફેલાવનારાઓને જડબાતોડ જવાબ આપ્યો. વિપક્ષના સભ્યોએ સંસદ અધવચ્ચે છોડી ભાગ્યા હતા. તેનું કારણ એ છે કે, તેઓ અવિશ્વાસ પ્રસ્તાવ પર મતદાનથી ડરી ગયા હતા. પીએમ મોદીએ કહ્યું કે, વિપક્ષના આ લોકો ગૃહ છોડીને ભાગ્યા, આખા દેશે આ જોયું છે. પરંતુ દુઃખની વાત તો એ છે કે, આ લોકોએ મણિપુરના લોકોને આટલા મોટા પ્રમાણમાં દગો આપ્યો છે. તેમણે આગળ કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં



● અનુસંધાન પાન-૭ પર

## શ્રીનગરમાં અપગ્રેડેડ મિગ-૨૯ ફાઈટર જેટ્સ સ્ક્વોડ્રન તૈનાત

**પાકિસ્તાન-ચીન મોરચે સામના માટે ભારત સુસજ્જ**

નવી દિલ્હી, તા.૧૨

ભારતે પાકિસ્તાન અને ચીન બંને મોરચે કોઈપણ સંભવિત ખતરાનો સામનો કરવા શ્રીનગરમાં પર અપગ્રેડેડ મિગ-૨૯ ફાઈટર જેટ્સ સ્ક્વોડ્રન તૈનાત કરવામાં આવ્યા છે. આ ફાઈટર જેટ્સને મિગ ૨૧ એરક્રાફ્ટની જગ્યાએ તૈનાત કરવામાં આવ્યા છે.

ભારતે પુલવામા હુમલા બાદ વર્ષ ૨૦૧૯માં બાલાકોટમાં હવાઈ હુમલો કરીને ઘણા આતંકવાદી ઠાર કર્યા હતા. આ હુમલાથી ગુસ્સે થઈને પાકિસ્તાને તેના એફ-૧૬ ફાઈટર જેટ્સ વડે ભારતમાં હવાઈ હુમલાનો પ્રયાસ પણ કર્યો હતો, જેનો ભારતના મિગ-૨૧ ફાઈટર જેટ્સ દ્વારા જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. હવે ભારતીય વાયુસેનાએ શ્રીનગર એર બેઝ પર આ મિગ-૨૧ એરક્રાફ્ટની જગ્યાએ મિગ-૨૯ ફાઈટર જેટ્સ સ્ક્વોડ્રન તૈનાત કર્યા છે.

આ વર્ષે જાન્યુઆરીમાં કાશ્મીર ઘાટીમાં આધુનિક એડવાન્સ્ડ મિગ-૨૯ યુપીજી એરક્રાફ્ટ તૈનાત કરવામાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાનના વચગાળાના વડાપ્રધાન તરીકે અનવર-ઉલ-હક કાકર ચૂંટાયા

ઈસ્લામાબાદ, તા.૧૨

પાકિસ્તાનમાં નેશનલ એસેમ્બલીના વિસર્જન સાથે જ રાજકીય ઉથલપાથલ મચી ગઈ છે. નેશનલ એસેમ્બલીમાં વિપક્ષના નેતા રાજા રિયાઝે કહ્યું કે, અનવર-ઉલ-હક કાકર પાકિસ્તાનના વચગાળાના વડા પ્રધાન તરીકે ચૂંટાયા છે. પીએમઓ દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝ અનુસાર, પીએમ શાહબાઝ અને નેશનલ એસેમ્બલીમાં વિપક્ષના

● અનુસંધાન પાન-૭ પર




